# અપની પેહચાન – બોહરા

બોહરા યા વહોરા યાઅની વહોરવું યા વેપાર કરવો. વહોરો યાઅની તાજિર, Businessman કે વેપારી. હિન્દુસ્તાનમાં ગુજરાતના દરિયાઇ કિનારાના ઈલાકાઓમાં ૧૮ માં ફાતેમી તાજદાર મૌલાના ઈમામ મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.) ના વક્તમાં ૪૬૭ હી. ને કરીબ ઈસ્માઈલી દાઅવતે જલીલા કાઈમ થઈ, આ હિન્દની ઝમીનમાંથી ઈમાનના ગૌહર અને મોતી ચમકવા લાગા. મૌલાઈ અબ્દુલ્લાહ અને મૌલાઈ અહમદ (રિઝવાનુલ્લાહે અલૈહેમા) ના દસ્તે મુબારક પર મોટી તાઅદાદમાં એક મજમએ કસીર મઝહબે અહલે બૈત (અ.સ.) ના તાબેઅદાર થયા અને ઈમામુઝઝમાન (અ.સ.) ના મીસાકના નૂરથી તેઓના દિલો ઝિન્દા થયા. તે વક્તના મુમેનીનનો ઝરીયએ મઆશ અને મશ્ગલો, તિજારત અને વેપાર હતો. તેથી તે ઝમાનથી જ હમેં તમામ "**બોહરા**" કહેવાયા.

બોહરા શીરીં અને હુલામણો લફ્ઝ છે. બોહરાના લફ્ઝ સાથે ફક્ત વેપાર નહીં પણ સમાજી વેહવાર જોડાએલો છે. બોહરાઓ પોતાના કરાબતવાલાઓ સાથે વેહવારમાં, વેપારીઓ સાથે તિજારતી લૈન-દૈનમાં અને આ બેવેથી ફૌક પોતાના ખાલિકે અકબરને ઈબાદતથી રાઝી કરવામાં દુનિયાની તમામ કૌમો કરતા ઝિયાદહ હુશિયાર અને સયાના છે. અલ્લાહતઆલાએ હમ બોહરા મુમેનીનને દીન અને દુનિયાના તમામ મરહલાઓ અને ઊમૂર અવ્વલથી આખિર તક, ઈબ્તેદાથી ઈન્તેહા તક હમ્વાર થાય, ઉસ્તવાર થાય એ વાસ્તે ઝહાનત અને અકલમંદીના કીમતી જૌહરો ગૌહરથી આરાસ્તા કીધેલા છે. હમેં કોઇ પણ તરહનો કોઈને સાથે પણ સૌદો કરીએ તો પહેલા નફઅ-નુકશાનને મદ્દેનિગાહ રાખીએ; કયા બિઝનેસ અને કસ્બે મઆશમાં શરીઅતના હલાલો હરામની હદો સચવાય છે તેનો ખાસ ખયાલ રાખીએ. કૌલ મુતાબિક અમલ કરવો અને તે અમલને ખૈર અંજામ તક પહોંચાડવો હમારા ખૂનમાં છે. **બોહરાની એ ખસ્લત છે કે, ગમે તે કિસ્મની આઝમાઇશ અને શિદ્દતની રાહથી ગુઝરવું પડે પણ કોઇની તાઅનાઝની ની પરવા કીધા બગૈર ખૌફે ખુદા અને ખાલિસ દિલ રાખીને પોતાના મકસદને પાર પાડે છે.**

બોહરાના નામની બાઝારમાં અને તિજારતી દાએરામાં એક સાખ, નૈકનામી અને ગૈર માઅમૂલી Credit હોય છે જે એક બાઈઝઝત શખ્સીયતને ઉભારવા વાસ્તે કાફી છે. જેવા મુરશિદ તેવા મુરીદ; જેવા મુઅલ્લિમ તેવા શાગિર્દ; જેવા રાઈ તેવી રઈયત. હમ બોહરાના અખ્લાક, વાતચીત, ચાલ-ચલણ અને અદબો તહઝીબ જોઈને હમારી કૌમના દીની અને મઝહબી નિઝામ તેમજ તાઅલીમો તરબીયતનો અંદાઝો લગાવી લેવામાં આવે છે. બીજાની અદબ કરશો તો તમારી અદબ થાશે; જેટલું આપશો એટલું પામશો; જેટલું વાવશો એટલું લણશો, આ મુહાવરા પરથી અપને બોહરા મુમેનીન ફક્ત દુન્યાવી લેહાઝથી નહીં પણ દીનદારી તેમજ તલબે સવાબે આખેરતના લેહાઝથી પણ તમામ બીજી કૌમો કરતા મુકદ્દમ છીએ.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) હદીસ મુબારકમાં ફરમાવે છે કે, "**જે કોઇ વુઝૂ પૂરી કરશે, નમાઝને પસંદ કરશે, પોતાના માલની ઝકાત અદા કરશે, ગુસ્સાને કાબૂમાં રાખશે, ઝબાનને સોચીને ખોલશે, ઉમ્દા ચીઝોને ખર્ચ કરશે, અલ્લાહથી મગફેરત ચાહશે, મારા અહલે બૈત (અ.સ.) થી નસીહતને હાસિલ કરશે અને તેમને સાથે વલાયત અને મવદ્દતનો રિશ્તો કાઇમ રાખશે તો તેને વાસ્તે જન્નતના દરવાઝાઓ ખુલ્લા છે.**" આ ફરમાને નબવીમાં ૮ અહકામ છે, જેમાં પહેલા ત્રણ ઈસ્લામના અહમ અરકાનમાંથી છે જે વાજિબ છે અને પછીના ચાર એવા તાકીદના અહકામ છે જેના પર અમલ દર આમદ થાવું તેના પર ચાલવું એક હકીકી બોહરા મુમિન પર લાઈક અને ઝરૂરી છે. હવે આ કૌલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) માં જે આખરી હુકમ છે તે તમામ કરતા ભારી છે મગર ફરઝ છે જેના બગૈર કોઈ ચારએ કાર નથી, છુટકારો નથી અને આ હુકમે વલાયત, ઉપરના સાત નુસ્ખાઓનો નિચોડ યાઅની સિલો છે જે તમામથી અઝીમ અને આઅલા છે.

અલ્લાહતઆલાએ હમને બોહરા કૌમના એક ફર્દ બનાવેલા છે તેથી તે ફર્દ મુમિન જ નથી જે ખાલિકે અકબરને બખ્શેલી જન્નતની નેઅમત હાસિલ કરવા વાસ્તે આ ૮ નુસ્ખાઓ પર અમલ ન કરે. જો પૂરા યકીન સાથે અમલ કરવામાં આવે તો તેનો હદીયો જન્નત સિવાય કંઈ નથી, જે હમારે વાસ્તે બિલાશક એક ફૌઝે અઝીમ છે, કસ્બે નાફેઅ છે, ફાયદાવાલી તિજારત છે. અલ્લાહતઆલાએ મુમિનના નફસ અને માલને ખરીદ કરીને તેના બદલામાં જન્નત લખી આપી છે. આ છે **પુરહિકમત આદેલાના ઇલાહી તિજારત.** આ સૌદામાં મુમિનને બોહરાની શિકલો શમાઈલમાં બનાવીને જો અલ્લાહતઆલા તેના નફસ અને માલના એવઝમાં જન્નતનો હદીયો આપતા હોય તો પછી હમને હમારા આ નફસો માલને ઝીનતદાર અને પાકો સાફ બનાવીને અલ્લાહને સિપુર્દ કરવાનો છે તો જ આ સૌદો ફાયદાનો નહીં તર નુકસાન નો ! અલ્લાહતઆલા હમારા વાલિદે રૂહાની તબીબે નફસાની હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની સિયાદત અને કિયાદતમાં હમને બોહરાપનાની ખસ્લતો મુજબ અમલે નૈકથી જન્નત કમાવવાની અને દુન્યાવી તિજારતથી ફાયદો હાસિલ કરવાની ભલી સમઝ અતા કરે.... આમીન ... ★